## વિજ્ઞાનીઓ, જિવાડવા કરતાં મારવાની શોધ વધુ કરી શકયા છે!

બચપણના સ્મૃતિ-ભંડારની સામગ્રી ખંખોળતાં એક સ્મૃતિ તાજી થાય છે; હમઉમ્ર છોકરાઓ બીજા એક છોકરાને "મકોડામાર" કહીને ખીજવતા. કારણકે તે મકોડો દેખે કે તુરત તેને મારી નાખતો, એના મનથી આ એક રમત હતી. એને તો મકોડાને રહેંસી નાખવામાં એટલો આનંદ આવતો કે તે, પોતાને સૌ "મકોડામાર" કહે છે, મકોડામાર કહીને બદનામ કરે છે, તે બધાંથી બેપરવા રહેતો. એ વખતે બાળબુધ્ધિ હોવા છતાંય તેના આવા નિષ્ઠુર કૃત્યથી ખૂબ આશ્ચર્ય થતું અને મન ખૂબ દુભાતું. વારંવાર સ્વગત પ્રશ્નપરંપરા ચાલતી કે નિર્દોષ મકોડાને તે શા માટે મારતો હશે? એ વખતની તુલનામાં અત્યારની સાઇઠ-બાસઠ વરસની ઉંમરની બુધ્ધિની તુલના કરતાં બુધ્ધિ પરિપકવ કહેવાય, પણ તોય તેનો જવાબ હજુ નથી મળ્યો. ઉપરથી એવા જ બીજા અનેક પ્રશ્નો ઊભા થયા છે!

બચપણમાં ફકત મકોડામારની ખબર પડતી હતી પણ અત્યારે તો એવા અનેક પ્રકારના "મારો-મારો"ની ખબર પડી! કોઈ માછલામાર તો કોઈ મરઘામાર, કોઈ ગાયમાર તો કોઈ ભેંસમાર, કોઈ સાપમાર તો કોઈ બાપમાર, કોઈ ટર્કીમાર [અમેરિકનો] તો કોઈ બકરીમાર! ચારે બાજુ બસ માર, માર ને માર! કયાંય જિવાડ નહિ. સૌએ પોતે જીવવું છે અને બીજાંને મારવા છે! મારનાર એવી ભ્રમણામાં બીજાંને મારે છે કે "આપણે જીવવા માટે બીજાને મારવા પડશે!" અને આ ભ્રમણા જો દરેક મનુષ્યમાં પેસી જાય તો જગતમાં કોઈનું અસ્તિત્વ રહી શકે? પહેલાં તો એમ કહેવાતું કે મારનાર કરતાં જિવાડનાર હજાર હાથવાળો છે પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં એમ કહેવાનું મન થાય કે જિવાડનાર કરતાં મારનર હજાર હાથવાળો છે!

એક સાપે દેડકો પકડયો, દેડકાનો મુખનો ભાગ જ બહાર છે, બાકીનો બધો ભાગ સાપના મોઢામાં છે. હવે સાપ ફકત એક જ સિસકારો લે એટલે દેડકાભાઈ સાપના પેટમાં સ્વાહા થઈ જવાનાં છે બીચારા. પણ તોય "લખણ ન બદલે લાખા"ની જેમ દેડકો પોતાનો સ્વભાવ છોડી શકતો નથી, તેના મુખ પાસેથી માખી પસાર થાય છે તો તે તેને પકડવા મુખ પહોળું કરે છે! માખી તો તેના ઝપટમાં આવતી નથી પરંતુ એ જ વખતે સાપ સિસકારો કરે છે અને દેડકાનું મોઢું બંધ અને તે સીધો સાપના પેટમાં!

દેડકાનું આ એક દષ્ટાંત આપણને આશ્ચર્યમાં મૂકી દે છે! પરંતુ મનુષ્યનું દષ્ટાંત પણ કમ આશ્ચર્યજનક નથી!

એક ડોસાબાપા સાવ પરવશ થઈને ખાટલામાં પડયા છે, પણ તોય સ્વભાવ છૂટતો નથી. તેમના શરીરની આસપાસ કોઈ મચ્છર કે માખી ઊડતી આવે છે તો ડોહાબાપા તેના ઉપર તરાપ મારે છે, બે હાથથી તાલી પાડીને બે હથેળીઓમાં મસળી નાખવા માંગે છે. અમથા તો હાથેય ઊંચો કરી શકતા નથી પરંતુ માખી-મચ્છરને જુએ છે ને તેમનામાં તેને મારી નાખવાની શકિત પ્રગટે છે! પણ માખી મચ્છર તેમના ઝપાટામાં આવતાં નથી. અને કદાચ કયારેક ઝપાટામાં આવી જાય તેથી કાંઈ બીજાં નહિ બેસે? માખી-મચ્છરને દૂર રાખવા માટે તો એક કપડાનો ટુકડો આઘો-પાછો હલાવે એટલે તે ન આવે, સાવ સહેલો ઉપાય છે તેને દૂર રાખવાનો. પણ ડોહાબાપા તો તેને પતાવી દેવા જ માંગે છે! કદાચ બે હાથ વચ્ચે તે આવી જાય તો તેનો ગુંદો થઈ જવાનો. એ બધી ચેપી ગંદકી હાથમાં ચોંટવાની, એ હાથ પોતાના ધોતિયા સાથે ઘસીને જ સાફ કરવાના! એ હાથથી જ જમવાનું! અને પછી કાયમ માંદા રહેવાનું. ખાટલામાં પડયા, મરવાની તૈયારી થઈ પણ તોય મનમાંથી "માર" ન ગયું! તુલસી તીનોં ના ગયે ધાર, માર, આકાર! અસ્તુ.

વિજ્ઞાને શોધો દ્વારા અનંત જીવોને એકી સાથે અતિ અલ્પ સમયમાં મારી નાખવાની યુકિતઓ શોધી પણ તોય જીવો તો એટલા જ છે. આખાં ગામનાં ગામ ઢાંકી દે એટલા તીડ જ્યારે ઉતરી પડે છે ત્યારે કુદરતની શકિતની ખબર પડે છે અને મનુષ્યની પામરતા અને લાચારીની પ્રતીતિ થાય છે.

વિજ્ઞાનીઓ, જિવાડવા કરતાં મારવાની શોધ વધુ કરી શકયા છે. ભૌતિક વિજ્ઞાને જે શોધો કરી તેનાથી લાભ અતિ અલ્પ થયો પણ નુકશાન ઘણું મોટું થયું અને અત્યારે જે શોધો લાભદાયક લાગે છે તે કયારે નુકસાનકારક સાબિત થાય તે કાંઈ કહી શકાય તેમ નથી.

આધુનિક શિક્ષણે ભૌતિક વિજ્ઞાન તો ખૂબ શીખવ્યું પણ તે આધ્યાત્મિક શીખવવાનું સાવ ચૂકી ગયું. "બીજાને દુ:ખી કરીશું અને મારીશું તો આપણે પણ દુ:ખી થઈશું અને કમોતે મરીશું" એવા કર્મના નિયમથી અજ્ઞાત રહેવાના કારણે મનુષ્ય નિર્ભયપણે બેફામ રીતે હિંસા કરતો રહ્યો અને પછી પોતે પણ હિંસાનો શિકાર થતો

રહ્યો. હું તને મારું, તું બીજાને માર્ય અને બીજો મને મારે આ ક્રમનો ચાકડો ચક્કરે ચડતો રહ્યો અને એનું ચરમ બિન્દુ ઠેઠ પરમ સીમાએ પહોંચી ગયું તોય આપણે તો બેદરકાર જ રહ્યા!

માર[વાસના], કાળ[ક્રોધ] અને હુંકારને મારવાને બદલે સૌએ જીવોને મારવા માંડયા! અને તે માત્ર મોજ-શોખ અને જીભના ચટકા માટે! આહાર તેવો ઓડકાર અત્યારે ચારે બાજુ દેખાઈ રહ્યો છે. અત્યારની પ્રજા પોતાનાં જ માતા-પિતાને મારવા-ખાવા-કનડવા તૈયાર થઈ ગઈ છે! છતાંય બુધ્ધિના બૂંઠાઓને એટલી ખબર નથી પડતી કે આ બધાં શાનાં પરિણામ છે! બુધ્ધિનો બૂંઠો હોય છે તે હિંસા કરે છે તેમ કહેવાને બદલે જે હિંસા કરે છે તે બુધ્ધિનો બૂંઠો છે - તે બુધ્ધિનો બૂંઠો થઈ જાય છે તેમ કહેવું વધુ યથાર્થ છે. હિંસાનું પાપ હિંસકને વધુ ને વધુ મંદબુધ્ધિ બનાવતું જાય છે. અને તેથી છેવટે તે પોતે પણ હિંસાની જ આહુતિ બને છે.

હિંસાની ઉપરોકત વાતો તો સૌ સમજી શકે તેવી સીધી સાદી છે. પરંતુ હિંસા-અહિંસાની અતિ સૂક્ષ્મ વાતો, અતિ સૂક્ષ્મ વ્યાખ્યાઓ સમજવાનો અને તેનો ઊહાપોહ કરવાનો પ્રયત્ન થવો ઘટે. તેને માટેનો યોગ્ય અને ઉત્તમ સમય ગણાય ઉત્તમ તહેવારો. આ રીતે જ પવિત્ર તહેવારોની પવિત્રતાને સાર્થક-સફળ કરવી ઘટે. અહીં એવી થોડી સૂક્ષ્મ વાતો પણ આલેખીએ:

સ્થૂળ કે સૂક્ષ્મ રીતે કોઈને પણ દુ:ખ આપવું તેને હિંસા કહે છે. અને હિંસા માત્ર ખરાબ ગણાય છે.

"કોઈને પણ દુ:ખ આપવું" એ શબ્દોમાં આપણે પોતે પણ આવી ગયા કે નહિ? જો હા, તો આપણાથી આપણને પોતાને પણ દુ:ખી કરી શકાય? અનેક પ્રકારનાં તપો તપીને મનુષ્ય-સાધક મરજિયાતપણે પણ દુ:ખો મહાકષ્ટો વેઠે તે હિંસામાં કેમ ન ગણાય? અને જો તે હિંસામાં ગણાય તો શા માટે કોઈએ મરજિયાત પણ કષ્ટો વેઠવાં જોઈએ? તો તો તપ કરનારા અને એ તપનાં વાખાણ કરનારા પણ હિંસક જ ગણાય. "હું મારી કાયાને કષ્ટ આપવા માટે સ્વતંત્ર છું." એમ જો કહીએ તો તુરત જ એ પ્રશ્ન થાય કે કાયા તારી કઈ રીતે? શરીર તો રાષ્ટ્રનું છે. રાષ્ટ્રની એ અમૂલ્ય નિધિને સ્વચ્છંદ રીતે કષ્ટ વેઠાવીને વેડફી નાખવાનો કોઈને અધિકાર નથી. રાષ્ટ્રનાં ઝાડ-પાનની પણ રક્ષામાં માનનારાએ, રાષ્ટ્રની શરીરરૂપી અણમોલ સંપત્તિના જતન તરફ દુર્લભ સેવાય જ કેમ?

ઉપરોકત પ્રકારના ઘણા પ્રશ્નો ઘણાને થતા હશે પણ પૂછવા કોને? પૂછવાથી વળી નાસ્તિકમાં ગણાઈ જવાનો ડર! આવો ડર રાખવો એ પણ સૂક્ષ્મ હિંસાનું જ સ્વરૂપ થયું ને? અને આવા પ્રશ્નોનો સાચો ઉત્તર આપવામાં પણ બાંધછોડ કરીએ તો તે પણ હિંસાનું જ વાવેતર કરી રહ્યા છીએ ને?

વર્ષભર ભલે આવા સૂક્ષ્મ વિચારો ન કરીએ પરંતુ પવિત્ર તહેવારોના દિવસોના સમયનો સદ્ઉપયોગ આવા સંશોધનાત્મક વિચારોના આદાન-પ્રદાનમાં જ કરીએ. ચીલાચાલુ કર્મકાંડોથી ઉપર નીકળી જવાની તમન્નાવાળાઓએ, સદ્વિચારોના અનુષ્ઠાન અને સૂક્ષ્મ વિચારોના આદાન-પ્રદાન કરવા માટે જ મહાપર્વોની સ્થાપના થઈ છે. હિંસા-અહિંસાની સૂક્ષ્માતિસૂક્ષ્મ વ્યાખ્યા કરતી અને સમજતી વખતે અને તેને તર્ક-વિતર્કોના સૂક્ષ્મ ત્રાજવામાં તોલતી વખતે દેશ, કાળ અને પરિસ્થિતિની સીમા-મર્યાદાને પણ ન વીસરીએ.

"આપણી મૌલિક રજૂઆતોને જ કોઈ હિંસાત્મક કહેશે તો?! એવા હિંસાત્મક ભયથી પર થયા સિવાય મૌલિક ગુપ્ત રહસ્યો રજૂ નહિ કરી શકાય.

સર્વ પર્વમાં કર્મ ખપાવવા કમર કસીએ. પૂર્ણપણે કર્મદક્ષ થવાથી અનાયાસે જ હિંસા-અહિંસાથી પર થઈ જવાશે.